# નિર્માણ વ્યવસ્થાપક (પ્રોડક્શન મેનેજર)

પ્રોડક્શન મેનેજર ફિલ્મ/ટીવી શો માટે ફાળવવામાં આવેલ બજેટ મુજબ કામગીરી થાય તેમજ મુખ્ય નિર્માતાના નિર્દેશોનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા માટે જવાબદાર છે. નાટકોમાં, પ્રોડક્શન મેનેજર નાટકના મંચસજ્જાની દેખરેખ રાખે છે અને ખાતરી કરે છે કે નાટકના વહીવટી પાસાનું ધ્યાન રાખવામાં આવે છે.




## વ્યક્તિગત નિપુણતા

- તમે ઉત્તમ સંગઠનાત્મક કુશળતા ધરાવો છો
- તમને ટીમમાં કામ કરવું પસંદ છે
- તમને ફિલ્મ કેવી રીતે બને છે તેનું જ્ઞાન છે
- તમે નાનામાં નાની વિગતો ઉપર કાળજીપૂર્વક ધ્યાન આપો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧,૦૦૦ થી ૩,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. બેચલર ઓફ આર્ટ્સ (BA) અથવા ફિલ્મ નિર્માણને મુખ્ય વિષય તરીકે પસંદ કરી બેચલર ઇન ફાઈન આર્ટ્સ (BFA)ની ડિગ્રી મેળવો. **અથવા**

બેચલર ઇન બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (BBA)ની ડિગ્રી મેળવો અથવા

ફિલ્મ મેકીંગ અને મીડિયામાં પી.જી. ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

પ્રોડક્શન મેનેજરનું અંદાજીત માસિક વેતન રૂ. ૧૦,૦૦૦ થી ૮૦,૦૦૦* જેટલું હોય છે.

સ્ત્રોત : https://www.payscale.com/research/IN/Job=Production_Manager,_Film/TV/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** પ્રોડક્શન હાઉસ

**કાર્યસ્થળનું વાતાવરણ :** સંસ્થા મુજબ તમારા કામના કલાકો બદલાશે, સામાન્ય રીતે તમે રોજના ૮ થી ૯ કલાક કામ કરશો. શિફ્ટ પ્રથા લાગુ થઈ શકે છે. મુસાફરી એ તમારી ભૂમિકાનો એક ભાગ છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ પ્રોડક્શન મેનેજર → પ્રોડક્શન મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

પ્રોડક્શન મેનેજર, મેનેજર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ફિલ્મ મેકિંગ/બી.બી.એ. વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયા, પુણે
૨. સત્યજીત રે ફિલ્મ અને ટેલિવિઝન સંસ્થા, કોલકાતા
૩. કોલકાતા ફિલ્મ અને ટેલિવિઝન ઇન્સ્ટિટ્યુટ
૪. બિજુ પટનાયક ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યુટ, કટક
૫. ડો ભૂપેન હજારિકા રીજીયનલ ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યુટ, ચાંગસારી
૬. આઈ.આઈ.એમ. અમદાવાદ (ફાઇનાન્સના અભ્યાસ માટે)
૭. એમ.એસ.યુ., વડોદરા
૮. તિલક મહારાષ્ટ્ર વિદ્યાપીઠ, પુણે
૯. આંબેડકર યુનિવર્સિટી દિલ્હી - ભારત રત્ન ડૉ બી.આર. આંબેડકર યુનિવર્સિટી
૧૦. આઈ.જી.એન.ટી.યુ., અમરકંટક - ઇન્દિરા ગાંધી નેશનલ ટ્રાઇબલ યુનિવર્સિટી (સ્ટેજક્રાફ્ટમાં બી. વોક. અભ્યાસક્રમ)

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. વ્હિસલિંગ વુડ્સ ઈન્ટરનેશનલ, મુંબઈ
૨. એશિયન એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન, દિલ્હી
૩.. અજીંક્ય ડી.વાય. પાટીલ યુનિવર્સિટી, પુણે
૪. ટેક્નો ઈન્ડિયા યુનિવર્સિટી, કોલકાતા (ડીજીટલ ફિલ્મ નિર્માણ અને વી.એફ.એક્સમાં બી.એફ.એ.)
૫. સી.એમ.આર. યુનિવર્સિટી, બેંગલુરૂ
૬. માઈકા (એમ.આઈ.સી.એ.) અમદાવાદ
૭. સિંઘાનિયા યુનિવર્સિટી, ઝુનઝુનુ
૮. એડામાસ યુનિવર્સિટી, કોલકોતા
૯. એમિટી યુનિવર્સિટી, મુંબઈ (ફિલ્મ નિર્માણમાં બી.એ.)
૧૦. પારૂલ યુનિવર્સિટી, વડોદરા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**લક્ષ્મી વૉરિયર** કેરળમાં એકમાત્ર મહિલા પ્રોડક્શન મેનેજર છે. તેઓ સ્વયં એવું માને છે કે પુરૂષ પ્રધાન ક્ષેત્રમાં વિતાવવામાં આવેલ સમય અનેકવિધ રીતે ઘટનાપૂર્ણ રહ્યો છે. દિગ્દર્શક લિજો જોસ પેલીસરી સાથેની એક આકસ્મિક વાતચીતે તેણીની કારકિર્દીની સમગ્ર દિશા અને ગતિને બદલી નાખી અને તેમને પ્રવાસનમાંથી નિર્માણ તરફ વાળી દીધા.*

સ્રોત : https://www.imdb.com/name/nm10823560/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.